# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ 80 | તારીખ: 20/3/25

રજી.એ.ડી. દ્વારા
પ્રતિ શ્રી
જાડેજા હરીસીંહ ગગુભા
રહે:- વાંકુ
તાલુકો- અબડાસા
પીન નંબર ૩૭૦૬૪૫
મોબાઇલ નંબર ૭૮૭૪૫૪૧૩૩૮

વિષય:- જુનુ વીજ લેણુ માફ કરી વીજ જોડાણ પુન: જોડાણ કરવા બાબત
સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/૦૧/૦૦૫/૨૦૨૪-૨૫

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

<u>બિડાણ-ઉપર મુજબ</u>

<u>નકલ રવાના:-</u>

(૧) શ્રી કાર્યપાલક ઇજનેર
પીજીવીસીએલ
વિભાગીય કચેરી
પાવર હાઉસ કમ્પાઉન્ડ
નખત્રાણા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેર
પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી
કોઠારા તાલુકો અબડાસા

ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
**Email- forumbhuj.pgvcl@gebmail.com.**

કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ **(CGRF)** પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-005-2024-25**

જાડેજા હરીસિંહ ગગુભા

ગામ: વાંકુ,તા અબડાસા *-કચ્છ*...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી કાર્યપાલકઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, *નખત્રાણા* -કચ્છ...........સામાવાળા.

બાબત:- પી.ડી.ખેતીવાડી વીજ કનેક્શનનું લેણું માફ કરીપુન: જોડાણ બાબત.

અરજદારતરફે:- જાડેજા હરિસિંહ ગગુભા

સામેવાળાનાતરફે:-

શ્રી એચ.પી રાઠોડ કાર્યપાલક ઇજનેર *નખત્રાણા* વિભાગીય કચેરી

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨)) શ્રી એ.એસ.ચૌધરી - મેમ્બર (ટેક)

સુનાવણીસ્થળ:-પીજીવીસીએલ વર્તુળકચેરી ભુજ

તા.: ૨૮/૦૬/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે ગામ વાકું મધ્યે તેઓના પિતાશ્રીના ના નામે ખેતીવાડી વપરાશનું ૩૫ એચ.પી.નું ગ્રાહક નંબર ૮૬૪૪૫/૦૦૧૩૨/૭ થી પીજીવીસીએલ ની કોઠારા પેટા વિભાગીય કચેરીનું વીજ જોડાણ ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર સદર વીજ જોડાણ તેઓના પિતાશ્રીના નામે છે જે તા.૧૪/૧૨/૨૦૧૮ના રોજ ગુજરી ગયા જયારે આ લેણું તેઓના મૃત્યુ પહેલાનું જણાય છે. સદર જમીન તેઓના પિતાશ્રીના અવસાન બાદ ત્રણ ભાઈઓ ભાગે આવેલ ત્યારે સદર વીજ જોડાણનું વીજબીલ ભરપાઈ ન થવા ને કારણે વીજ જોડાણ કપાઈ ગયેલહતું.

૩. અરજદારશ્રી દ્વારા કોઠારા પેટા વિભાગીય કચેરીએ પિતાશ્રીના અવસાન થવાને કારણે સદર વીજ જોડાણનું વીજબીલની રકમ માફીને પાત્ર થતી હોઈ એવી વારંવાર રજૂઆત કરેલ પરંતુ કોઈ પ્રત્યુતર મળેલ નથી.

૪. કોઠારા પેટા વિભાગીય કચેરીએ ફરજ બજાવતા અધિકારી અને કર્મચારી દ્વારા પતાવટ કરીને લેણું માફ કરવા માટે મોટી રકમની માંગણી પણ કરવામાં આવેલ છે, જે રકમ ન આપી શકવાને કારણે તા.૨૪/૦૧/૨૦૨૨ ના રોજ તેઓનું વીજ જોડાણ ગેરકાયદેસર રીતે કાપી ગયેલ છે.

૪. આમ, અરજદારશ્રી દ્વારા તેઓને સદર વીજ જોડાણના લેણા નિયમનુસાર માફ કરી નવેસરથી પ્રીપેડ કનેક્શન આપવા માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૫. અરજદારશ્રી તેઓના પિતાશ્રીના ના નામે પીજીવીસીએલ ની કોઠારા પેટા વિભાગીય કચેરીનું ગ્રાહક નંબર ૮૬૪૪૫/૦૦૧૩૨/૭ થી ખેતીવાડી વપરાશનું ટેરીફ એ-૧ ૩૫ એચ.પી.નું તા.૦૧/૧૦/૧૯૯૧થી વીજ જોડાણ ધરાવે છે.

૬. સદર વીજ જોડાણમાં તા.૦૫/૦૨/૨૦૨૦ના રોજ તેઓ દ્વારા વીજબીલની રકમ ભરપાઈ કરવામાં આવેલ ત્યારબાદ વીજ બીલ પેટે રૂ.૫૯૪૦૭.૪૧ બાકી રહી જતા તેમજ બે વર્ષ સુધી કોઈ પણ ભરણું ન કરતાં તા.૨૪/૦૧/૨૦૨૨ના રોજ સદર વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.

૭. સદર જમીન તેઓના પિતાશ્રીના અવસાન બાદ વારસદારોને ભાગે આવેલ જેથી સદર લેણું વસુલાત સબબ દાવો દાખલ કરવા માટે તેમને નોટીશ આપવામાં આવેલ તેમજ તા.૦૯/૦૩/૨૦૨૪ના રોજ લોક અદાલત માટે જાણ કરેલ પરંતુ અરજદારશ્રી દ્વારા સદર ભરણું કરવાની પ્રાથમિકતા દર્શાવેલ નથી.

૮. સદર રદ થયેલ વીજ ગ્રાહકના નામનું બીજું એ-૨ કેટેગરીનું ગ્રાહક નંબર ૮૬૪૪૫/૧૦૦૪૧/૪ થી વીજ જોડાણમાં નોટીસ આપીને રદ થયેલ વીજ જોડાણનું લેણું

વ્યાજ સહીત ટ્રાન્સફર કરવામાં આવશે  તેમજ વીજ કનેક્શન પણ પાત્ર થશે તેવું જણાવેલ.

૯. અરજદારશ્રીને વીજ લેણું ભરપાઈ કરવા વારંવાર કહેવામાં આવેલ છતાં તેમનાદ્વારા સદર વીજ જોડાણના લેણા ભરપાઈ કરવા માટે આજદીન સુધી કાર્યવાહી કરેલ નથી.

૧૦. આમ,ઉપરોક્ત અરજદારના વીજ જોડાણના લેણાની રકમ માફ કરવાની સતા તેમજ પુન: જોડાણ નીં સતા નથી.

૧૧ વધુમાં તારીખ૨૮/૦૬/૨૦૨૪ ની ફોરમની મીટીંગમાં આ કેસ બાબતે વધુ અહેવાલ મંગાવવામાં આવતા, પીજીવીસીએલ ના અધિકારી દ્વારા સદરહુ કનેક્શન વાળી જમીન ઘોરાડ પક્ષી ના પોટેશિયલ વિસ્તારમાં આવે છે.અને હાલે માનનીય સુપ્રીમ કોર્ટ ના આદેશ મુજબ સદરહુ જગ્યા પર કોઇ વીજ કનેકશન  ઓવર હેડ કેબલ સિવાય આપી શકાય તેમ નથી અને સદરહુ અરજદાર ને પુન: જોડણ આપવા માટે ૭૫ મીટર જેટલી ઓવર હેડ વીજ લાઇન ઉભી કરવાની જરુરીયાત છે .અને સદરહુ કનેક્શન ના પુન જોડાણ માટે અરજદાર ને ઓવર હેડ લાઇન નો ખર્ચ ભરવાની શરતે વીજ જોડાણ પુન જોડાણ કરી આપવામાં આવશેએમ વધુ અહેવાલ માં જણાવેલ છે.

ફોરમ નુ તારણ

૧૨ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ  ફરિયાદ  અરજદાર ના પીતાશ્રી ના નામે આવેલ વીજ કનેક્શન માં બાકી રહેતી રકમ રુ ૫૯૪૦૭.૪૧+વ્યાજ ને કારણે સદરહુ વીજ કનેકશન રદ  થઇ જવાને કારણે  સદરહુ ફરિયાદ ઉદભવી છે. બીજી તરફ પીજીવીસીએલ તરફથી સદરહુ અરજદારના વીજ કનેકશન નુ પેમેન્ટ ની વિગત રજુ થતા તે મુજબ સદરહુ અરજદાર દ્વારા એમના વીજ કનેકશન ના લેણા ની રકમ નિયમીત ન ભરાતા સદરહુ લેણુ ઉદભવેલ છે એમને કારણે પીજીવીસીએલ તરફથી વીજ કનેક્શન રદ કરવાની ફરજ પડેલ છે.

૧૩ ઉપરોકત વિગત મુજબ ખેતીવાડી વીજ જોડાણ ને કાયમી ધોરણે બંધ કરવાની પ્રતિવાદી પીજીવીસીએલ ની કાર્યવાહી નિયામાનુસાર યોગ્ય છે . હકીકત માં ગ્રાહક દ્વારાવીજ જોડાણ ના બાકી લેણા આજ સુધી ભરપાઇ કરવામાં આવેલ નથી. જેથી વીજ જોડાણ પુન: ચાલુ કરવા માટેની અરજી સ્વીકારી  શકાતી નથી તદઉપરાંત સદરહુ બંધ કરવામાં આવેલ જોડાણ વાળી જગ્યા ઘોરાડ પક્ષી ના પોટેશિયલ વિસ્તારમાં આવતી હોવાથી નામદાર સુપ્રીમ કોર્ટ ના પ્રવર્તમાન આદેશ ને આધીન કાર્યવાહી કરવાની થાય છે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ આ સંજોગો માં હુકમ કરવામાં આવે છે કે ગ્રાહક ની વીજ બિલ અને વ્યાજ ની બાકી રકમ ભરપાઇ થયે અને પુનઃ જોડાણ ની નિયત અરજી પ્રક્રિયા પૂર્ણ થયે**GERC** તેમજ **GUVNL** ના પરિપત્ર અને સુચનાઓ મુજબ નિયત ભાવપત્રક ના નાણાં ભરાયા બાદ વીજ જોડાણ પુનઃ ચાલુ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

- આમ અરજદાર ની અરજી નાંમંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા. 10/09 ૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

(એ.એસ.ચૌધરી )
મેમ્બર ટેક

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫

ફરીયાદ નિવારણ ફોરમ ભુજ કચ્છ